INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **૨૦–૦૩–૨૦૨૫**

ગુજરાતમાં વ્યાયામ, ચિત્ર-કલા, સંગીતના શિક્ષકોની કાયમી ભરતી અને શિક્ષકોની ભરતી પ્રક્રિયા ઝડપી કરવાની મુખ્યમંત્રી સમક્ષ માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષ થી કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં આવી નથી માટે, ગુજરાતમાં કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. રાજ્યમાં વ્યાયામ શિક્ષકની કાયમી ભરતી માત્ર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક માં કરવામાં આવે છે એ પણ રાજ્યમાં રોસ્ટર પ્રમાણે ખાલી જગ્યાઓ છે તેના કરતાં ખૂબ ઓછી સંખ્યામાં કરવામાં આવે છે. રાજ્યમાં ધોરણ ૧ થી ૮ માં વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં જ નથી આવતી માટે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પણ કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં આવે. રાજ્યમાં ખેલ અભિરૂચિ કસોટી જ્યારે લેવાની હોય ત્યારે રાજ્યમાં સરકારે લગભગ ૫,૦૭૫ જેટલી વ્યાયામ શિક્ષકોની ખાલી જગ્યાઓ બતાવી હતી, તે તમામ જગ્યાઓ ઉપર કાયમી ભરતી કરવામાં આવે તે જરૂરી છે. કરાર આધારિત ભરતીની જગ્યાએ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ NEP 20 અને RTE 2009 ની જોગવાઈ મુજબ વ્યાયામ અને શારિરીક શિક્ષણ, ચિત્ર-કલા,સંગીતને ફરજિયાત સ્થાન આપવામાં આવ્યું છે.

ગુજરાતમાં આશરે ૪૦,૦૦૦ જેટલી શિક્ષકોની જગ્યા લાંબા સમયથી ખાલી છે, જેના લીધે શિક્ષણને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના બાળકોના અભ્યાસને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. રાજ્યમાં લાંબા સમયથી શિક્ષકોની ભરતી પ્રક્રિયા ન થવાને કારણે અનેક ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા ગુજરાતના યુવાન-યુવતીઓની વયમર્યાદા પૂર્ણ થઈ ગયેલ છે. ૪ થી ૫ વર્ષ પછી ભરતી પ્રક્રિયા થતી હોય ત્યારે, વયમર્યાદાની છૂટછાટ મળે તો અનેક આશાસ્પદ યુવાન-યુવતીઓને શિક્ષક બનવાની તક મળી શકે. તમામ બાબતોને ધ્યાને લઈ ગુજરાત સરકાર ગુજરાતના યુવાનોના હિતમાં કાયમી ભરતી કરે તેવી મુખ્યમંત્રીશ્રીને પત્ર લખીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ માંગ કરી છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા